# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

વાંચજે તું, ના કશું તારાથી એમાં છાનું છે,
મેં લખેલી આપણી એક વારતાનું પાનું છે.

સાવ સીધુ ને સરળ છે, તેં છતાં પણ આગવું,
મેં કરેલા પ્રેમનું, પ્રકરણ ભલેને નાનું છે.

સાર આખી જિંદગીનો આવરી લીધા પછી,
કોણ સમજે છે હવે તો એટલું જોવાનું છે.

ને વિવેચક થઇ હવે તું મૂલવે કાં લાગણી!
એ વિશે કંઇ જાણે છે! કે જાણવાનું બ્હાનું છે?

ભાવના જે વ્યક્ત ના થઇ છેવટે મારાથી, એ-
સાચવીને રાખવા ભીતર મજાનું ખાનું છે.

ભાવના.

## પાથેય

- રમેશ ઠક્કર

### જિજ્ઞાસાનો મહાલય વાચનાલય...

પુસ્તકાલય એ દેવાલય છે એવું સમજાય એ સમાજ ની પ્રગતિ કોઇ રોકી શકતું નથી...પુસ્તક શબ્દ તત્સમ છે..જે સંસ્કૃતમાંથી સીધો ઉતરી આવ્યો છે..ગુજરાતીમાં મુળ શબ્દ પોથી છે..આપણો મિજાજ તો એવો છે કે આપણે એને થોથું કહીએ છીએ...લાયબ્રેરી એ અંગ્રેજોની દેન છે..ઘણાં વર્ષો પહેલાં હું ભાવનગરની બાર્ટન લાયબ્રેરીમાં ગયેલો..ત્યાં એક ભવ્ય પુસ્તકાલયની વિરાસત જોવા મળેલી...રાજકોટની લેંગ લાયબ્રેરી પણ લેંગ નામના વિદ્વાન અંગ્રેજ પ્રશાસકની યાદગીરી છે..મને પોતાને એવો પ્રશ્ન થાય છે..જીવનમાં પ્રથમ લાયબ્રેરી કઇ જોઇ હશે ? ચોક્કસ યાદ નથી જરીક જાતને ઢંઢોળું છું.. કામલપુર પ્રાથમિક શાળાના એક કબાટમાં વેરવિખેર પુસ્તકો પડયાં રહેતાં.એ અમારે મન લાયબ્રેરી હતી..! એ જ અમારી પ્રથમ ઓળખ હતી. ગામડાઓમાં રહીને શહેરોમાં બેઠક વ્યવસ્થા સાથેનું પુસ્તકાલય હોય એવી વાતો સાંભળી રોમાંચ થતો..અને રાધનપુરમાં નવાબશાહીની નિશાની જેવી લાયબ્રેરી જોઇ ત્યારે આશ્ચર્ય સહ આનંદ થયેલો...કિશોરકાળે અમદાવાદમાં મારું સ્વપ્ન એ હતું કે હું એમ.જે.લાયબ્રેરીનો સભ્ય બનું..અને એ સ્વપ્ન જયારે સાકાર થયું અને બે પુસ્તકો માટેની બે ટિકીટનો પરવાનો જ્યારે મળ્યો ત્યારે હું દિવાનો થઇ ગયેલો..એમ.જે.નો સ્ટાફ વાચકોને આત્મીય ભાવે આવકારતો.આપણી રૂચી

મુજબના પુસ્તકો શોધવામાં સૌ મદદ કરતા..એ તો વળી નવાઇ જ હતી..લાયબ્રેરીનું પણ સાયન્સ હોય છે એવું જાણી અહોભાવ થયેલો..વિદ્યાપીઠની લાયબ્રેરી અને એની ભવ્યતા જોઇ દિગ્મુઢ થઈ જવાયેલું...

અમદાવાદમાં એક જમાનામાં બ્રિટીશ લાયબ્રેરીના મેમ્બર હોવું એ મોટું ગૌરવ ગણાતું..જે સમાજમાં પુસ્તકો પુજાય એની પ્રગતિ કોઇ રોકી શકતું નથી..ગાયકવાડી તાબામાં દરેક ગામોમાં એક સુંદર લાયબ્રેરી રહેતી..રાંધેજા ગામની લાયબ્રેરી મને બહુ ગમતી..જેઠાલાલ જોશી નામના કવિએ એની એટલી જ સુંદર વાતો લખી છે..વસંતલાલ પરમાર આપણા બાળ સાહિત્યકાર એમાં નિયમિત જતા..મહેસાણાની સરકારી લાયબ્રેરીમાં દુર્લભ ગ્રંથોનો ખજાનો છે..અમે ત્યાં વાંચન ઉપરાંત સાહિત્યિક મેળાવડાઓ..પુસ્તક મેળા પણ કરતા..પુસ્તકાલય ધબકતું રહે એ માટે ગ્રંથપાલની ભૂમિકા મહત્વની હોય છે..વિનયી સ્ટાફ પણ જરૂરી છે..મને ખેડબ્રહ્માની સરકારી લાયબ્રેરી અને એક ટ્રસ્ટની લાયબ્રેરી પણ ખુબ ગમતી..હું જે શહેર કે નગરમાં નોકરી માટે ગયો છું ત્યાં રહેઠાણ પહેલાં મેં લાયબ્રેરી શોધી છે..કોણ જાણે કેમ મને માનવજાતની સમસ્યાઓનું નિરાકરણ પુસ્તકાલયોના પ્રસારમાં દેખાય છે..બે દેશો વચ્ચે પુસ્તકોના કરારો કેમ નહીં થતા હોય? પુસ્તકો આયાત થતાં હોય એવું કેમ થતું નથી..સિંગાપુર,ફીનલેન્ડ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં કે જયાં શિક્ષણ ઉત્તમ છે ત્યાં મબલખ લાયબ્રેરીઓ જોવા મળે છે..ગાંધીજી,સરદાર પટેલ,પંડિત નહેરૂ, કે બાબાસાહેબ આંબેડકરના જીવનમાં બ્રિટનની લાયબ્રેરીઓનું પ્રદાન એ અભ્યાસનો વિષય છે..

માણસે ચકની શકવર્તી શોધ કરી..અગ્નિ શોધ્યો..જળમાર્ગ શોધ્યો..કે અવકાશવિજ્ઞાન જેવી શકવર્તી શોધો કરી પણ પુસ્તકાલયનું પારણું જયારે બંધાયું હશે ત્યારે માનવજાતની એ શ્રેષ્ઠ શોધ હતી એમ નિઃશંક કહી શકાય...

# "હૃદયમાં પ્રણય ભરેલી યાદો ચકકાર લાગે થાય નાનું છમકલુંને તકરાર થાય એમ પણ બને"...

## એમ પણ બને !

પારૂલ અમિત

પ્રેમ= જરૂરિયાત લાગણીસભર ક્રિયા.

મનની ગતિ સાથે, મનના વિચારો સાથે સંકળાયેલી ભાવના જે પોતાના પક્ષમાં હોય એ પ્રેમ?

શું પ્રેમની વ્યાખ્યા હોઈ શકે ખરી? આપણે ભલે હોશિયારી મારતા હોઈએ કે પ્રેમ એટલે આત્મા સાથે જોડાયેલ એને રંગ રૂપ સાથે લેવા દેવા નહીં. પહેલી નજરમાં થાય એ જ પ્રેમ, પ્રેમ એક જ વાર થાય છે, પ્રેમ કરવાનો હોતો નથી, એ તો થઈ જાય છે, અધ: અધધ પ્રેમ વિશે લખવા બેસીએ તો પ્રેમ પુરાણ લખાઈ જાય, પણ આ બધું સત્ય અને સચોટ કેટલા અંશે?

પ્રેમ એટલે સંભાળ, સ્નેહ અને લાગણી જેવી ક્ષણિક ભાવના જે સમય અને સંજોગો પર આધીન હોઈ શકે. હા સમય પર આધારિત.

દરેકને સૌ પ્રથમ સુંદરતા જ આકર્ષિત કરતી હોય છે. પછીની બીજી બધી વાતો મન બહેલાવવાની.

પ્રેમની ઉંમર કેટલી? શું પ્રેમ અમર છે? પ્રેમ બીમાર હોઈ શકે, કાચી ઉંમર નો હોઈ શકે, પુખ્ત હોઈ શકે, પણ શું પ્રેમ ટકાઉ હોઈ શકે?

ના ભાગ્યે જ પ્રેમ ટકાઉ સાબિત થાય.

આજે ગળાડૂબ પ્રેમ કરતો માણસ હમેશાં આમજ કરતો રહેશે?

ના, ખરા અર્થમાં જોઇએ તો પ્રેમની પરિભાષા સમય અને સંજોગો સાથે પરસ્પર જોડાયેલી છે.

એક વ્યકિતના સપોટને કારણે બીજાનો થતો વિકાસ એ પ્રેમ છે.

જ્યાં સુધી એકબીજાને ગમતું ગમતું થાય ત્યાં સુધી પ્રેમ.

પ્રેમ એટલે સ્વતંત્રતા.જો થોડી પણ દખલગિરી થાય તો સાવ ઊંધુ.

જે ક્ષણે મરજી વિરુદ્ધ અથવા મનગમતું ના થયું એ જ ક્ષણે એ પ્રેમ ઓછો, જૂઠો અને કદાચ પ્રેમ નથી જ એવું પુરવાર થવા લાગે.

પ્રેમનો કોઈ જ આકાર નથી હોતો, પણ એની ભાષા ચોક્કસ હોય છે.

પ્રેમ એ પરમાત્મા છે અને પરમાત્મા એ જ પ્રેમ છે, રોજિંદા લાઈફ સ્ટાઈલમાં આ ગહન વાત દિલમાં ઉતારવા આપણે એટલા સક્ષમ, એ લેવલના નથી.

એટલી સામાન્ય વ્યક્તિ રીતે કહું તો પ્રેમ એટલે -

પ્રેમએ માણસનું વર્તન, ભાવના અને લાગણીનો મિશ્ર સમૂહ છે, જેમાં વ્હાલ,હૂંફ અને વિજાતીય વ્યક્તિ પ્રત્યેની તીવ્ર લાગણીઓ સંકળાયેલ છે.

પ્રેમ કોઈ વ્યકિતના શરીરને નહી પરંતુ આત?માને થાય છે. આવું આપણે સાંભળ્યું, માન્યું પણ હકીકતમાં આત્મા વિશે આપણું જ્ઞાન કેટલું? કોઈ ધર્મ ગ્રન્થ, કોઈ પુસ્તક, કોઈ શાળા આત્મા અને પરમાત્માથી માહિતગાર કરાવી નહીં શકે. એ પોતે જ કરવું રહ્યું, ખેર ! સાંભળ્યું છે કે પ્રેમ વ્યકિતની બાહય સુંદરતા નથી જોતો. પણ આંતરીક સુંદરતાને અનુભવે છે. છતાં દરેક ને રાજકુમાર અને રાજકુમારી જ જોઇએ છે.

નાનપણમાં દાદા પાસે વાર્તા સાંભળ્યા પછી એક જ વિચાર આવતો કેમ સુંદર પરી? કેમ રાજકુમાર, કોઈ સામાન્ય વ્યક્તિત્વ વાળો પુરુષ કે સ્ત્રી કોઈના હીરો કે સ્વપ્ન પરી ના હોઈ શકે?

માનસપટલ પર નાનપણથી સુંદર પરી, રાજકુમારી, રાજકુમાર થોપી બેસાડેલા હોય એ પુખ્ત થાય ત્યારે અચાનક એને સભાન કરવામાં આવે કે બેટા બાહ્ય સુંદરતા કરતાં આંતરિક સુંદરતા એ જ પ્રેમ.

તો આટલા વર્ષો શું એ વાર્તા માત્ર વાર્તા જ હતી?

કેમ કોઈએ એવી વાર્તા નથી લખી, કોઈ લેખકે

કે બેડોળ, જાડી, કાળી ચામડી વાળી સ્ત્રી માટે એક રાજકુમારે યુદ્ધ કર્યું એની આંતરિક સુંદરતા જોઈને.

શું કોઈની આંતરિક સુંદરતા ને મહેસુસ કરી શકીએ એ લેવલ છે આપણામાં?

જે દિવસે વ્યક્તિની ઓળખમાં સુંદરતા ને નજર અંદાજ કરવામાં આવશે ત્યારે પ્રેમની ખરી વ્યાખ્યા સર્જાશે.

ત્યાં સુધી બધું મિથ્યા, દરેક ને પ્રેમ સુંદરતા સાથે જ જોઇએ છે.

ભલે એ પ્રેમ ટકાઉ હોય કે ના હોય.

પ્રેમ કરવો સહેલો છે. પરંતુ પ્રેમને સમજવો એટલો જ મુશ?કેલ છે.

હું માનું છું ત્યાં સુધી મુશ્કેલ વસ્તુ પ્રેમ હોઈ જ ના શકે?

જ્યાં સરળ હોય બધું જ એકમય હોય એ જ પ્રેમ.

પણ પ્રેમ પાછો ત્યાં જ ટકે જ્યાં આપણી લાગણીને સમજનાર અને આપણી ખામીઓને સ્વીકારનાર હોય, બાકી પ્રેમ સાઈડ માં રહી જાય અને રિસામણે જતી વ્યક્તિ બીજી સાઈડે.

ગમતું પાત્ર ગમતું બધું કરવા દે એટલે પ્રેમનું ઊભરું ઉભરાઈ આવે, અને સહેજ કંઈક આડું અવળું મરજી વિરુદ્ધ થયું, કેમ? શું કામ? આમ કેમ જેવું આધિપત્ય આવી જાય એટલે એજ ઊભરૂ સમી જાય અને એમાં ગાબડું પડી જાય.

વિશ્વમાં જો સૌથી ટૂંકી આવરદા હોય તો પ્રેમ ની..

અને લાંબામાં લાંબી તો એ પણ પ્રેમની.

ઘરના મંદિરમાં રાધા કૃષ્ણની પૂજા કરતાં માબાપ દીકરા, દીકરીના પ્રેમના દુશ્મન પણ હોય.

ત્યાં પ્રેમની ભાષા અલગ અને પોતાના સંતાન માટે અલગ. કદાચ એ જાણતા હશે કે પોતાની કુખે જન્મેલ સંતાન કૃષ્ણ કે રાધા ના લેવલે ના જ અવતરે. પ્રેમની ઘણી વ્યાખ્યાઓ છે.

અથવા ઘણી બધી વસ્તુમાં પ્રેમને આવરી લેવામાં આવ્યો છે.

ઘણી ભ્રમિત વ્યાખ્યાઓ ને મગજ માં ગાંઠ બાંધીને ફર્યા છીએ આપણે એમાંની એક ગાંઠ એટલે સપના ની દુનિયા, પેલા રાજકુમાર ની વાર્તા જેવું.

શું પ્રેમ ધારણ કરી શકાય, શું એ વધે કે ઘટે? રોકડ ની જેમ આપી શકાય કે લઈ શકાય. મેં તને આપ્યો એટલે તું મને બદલામાં આપ. ના આપી શકે તો પાછો આપ. કારણ પ્રેમ જો નિરાકાર હોય તો પ્રેમના બદલામાં પ્રેમ માંગી જ ના શકાય.

પણ અહીંયા તો વર્ષોથી આ જ ચાલતું આવ્યું છે.

ગમ્યું એટલે ટક્યું.બાકી બીજે જોડાયું. નરું સત્ય.

કોઈ વસ્તુ કે વ્યક્તિ પરનું આકર્ષણ અને આપણી અમુક અપેક્ષાઓ તથા જરૂરિયાતોને સંતોષવા બંધાયેલો સંબંધ એટલે પ્રેમ.

પ્રેમની વ્યાખ્યા દરેકના દૃષ્ટિકોણથી અલગ પડે છે જે ખરેખર પ્રેમની સુંદરતા છે કારણ કે તેનો એક અર્થ નથી હોતો.

પ્રેમ એટલે બલિદાન જે સંબંધને ગૌરવ આપે છે.

પ્રેમ એટલે સમર્થન જે પ્રતિભાને પ્રેરિત કરે છે.

પ્રેમ લાગણી પ્રેમ હોઈ શકે, કાંઇક એવી કે જેના આવવાથી આપણા જીવનમાં પરિવર્તન આવી જાય. દુનિયાની તમામ સમસ?યાઓનું નાની લાગવા લાગે, કાંઇક એવુ કે જેના આવવાથી જીવનનું તમામ દુઃખ સાવ નિમ?ન બની જાય અને જીવન જીવવું સહેલુ બની જાય.

બહું ઓછા લોકોને આવા ટકાઉ પ્રેમનો અનુભવ થતો હોય છે. બહું ઓછા લોકોને આવો અલૌકીક સ્નેહ મળે છે.

ખરેખર પ્રેમ શું એ જાણવું હોય અને અનુભૂતિ કરવી હોય તો તમારા પ્રેમીની હા માં હા કરવાનું ટાળી જોજો.. પ્રેમ ની ઉંમર અને પ્રેમનું અસ્તિત્વ પરખાઈ જશે એક જ ક્ષણમાં.

ખરા અર્થમાં પ્રેમની કોઈ વ્યાખ્યા જ નથી.

તમારી ક્રિયા અને પ્રતિક્રિયા જ તમારા પ્રેમને વર્ણવે છે.

parulamit198@gmail.com
7201001482

# "જીવનમાં સુખ-દુખના લેખાજોખા અને નોસ્ટેલ્જીયા"

## જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી

માનો ના માનો પરંતુ ગમાણમાં બેઠેલી ગાય ભરબપોરે અરધી ઉઘાડી આંખે ઉતાવળે ખાધેલો ખોરાક વાગોળતી ગાયને જે મજા આવતી હશે, તેના કરતાં ભૂતકાળને વાગોળતી વખતે માણસને આવતી મજા વધુ જ હશે. હમણાં એક મિત્રએ મને બહુ ગંભીરતાપૂર્વક એક પ્રશ્ન પૂછ્યો કે 'ધમા, તારી બધી વાર્તામાં ક્યાંક પ્રગટ તો ક્યાંક છુપા વિષાદની ઘેરી છાયા અનુભવાય છે.' તેના આ પ્રશ્નએ મને વિચારતો કરી દીધેલો. એ વખતે સહજ મનમાં જે જવાબ આવ્યો એ જવાબે મને પણ વિચારતો કરી મૂક્યો. મે એને કહેલું કે 'માનવના જીવનમાં આવતી અનેક સ્થિતિઓમાં સુખદ અને દુખદ એમ બન્ને અવસ્થા હોય છે, પરંતુ સુખ થોડો સમય ઉત્કટ આનંદ આપે છે એટલે એ સ્થાયી ભાવ નથી બનતો, પરંતુ દુખની અવસ્થામાં માણસ બાહ્ય થી લઈને તેના અંતરના મૂળ સુધી જીવંત હોય છે, અને કદાચ તેથી જ વિષાદની પળો સ્થાયી ભાવનું આરોપણ કરતી હોવાથી મારી કૃતિઓમાં સહજ પણે વિષાદ પ્રવેશ કરી જતો હશે. તો ચાલો ભૂતકાળની થોડી અનેરી ઘટનાઓના સાક્ષી બનીએ જે એક યા બીજા સ્વરૂપે સૌના જીવનમાં ઘટી જ ગઈ હશે.

મારે મન શૈશવ એટલે જુના કપડામાંથી સિવડાવેલી થેલી, પાટી, પેન, ચોપડા, પાટી ચોખ્ખી કરવા પાણીની એક નાનકડી બોટલ અને પાટીને કોરી કરવા કપડાની એક નાની ચીંદડી. કંપાસ તો લક્ઝરી ભાઈ . . . તઈણ કિલોમીટર હાલીને જાવા કરતાં નિહાળ પાહેથી પસાર થવાની હોય ઇ બસ વાંહે લટકો, ને એની માને ઇ બસ ઘીમી જ નો પડે ને જી ડખો થાય . . . ગોંડલબાપુએ બંધાવેલી નિહાળ, ભવ્ય શાળાખંડો અને એટલી જ નિષ્ઠાપૂર્વક સોકરાવને ભણાવતા માસ્તરું . . . ત્રીજા અને ચોથા ધોરણમાં હેમાબેન નામના શ્યામા શિક્ષિકા અમને ભણાવે, જોડણી શીખવાડવાનો એમનો તરીકો અનેરો . . . હ્રસ્વ ઇ અને દીર્ઘ ઈ બેયનો ભેદ શબ્દોના ઉચ્ચારથી શીખવાડેલા . . . આજેય એમનો મંજુલ સ્વર કાનમાં ગુંજે . . . ભરાડી કેવાતા હરેશસાહેબથી સૌની ફાટે. જાતે બાવાજી, પણ ઉપસેલા જડબા, દરબારુને ય આંટી મારે એવી મુછું . . . ને લાલઘુમ આઇખું . . .

એક દી એક ગામના માથાભારે જણના છોકરાને હરેશ સાહેબે મારેલો, તો એનો બાપ છોકરાને લઈ ને આવ્યો. સાહેબને કે . . . મારા સોકરાને કેમ માઇરો . . . ? હરેશ સાહેબની ડગળી ચસ્કી . . . ઉભા થઈને બાપાને ય એક ઠોકી . . . ને કે . . . જો આમ માઇરો . . . અમારા કલાસમાં અવનવા નામધારી છોકરાં, અશોક આંબાલાલ ભુત, ચોથા ધોરણમાં સાડા પાંચ ફૂટ ઊંચો . . . ભણવામાં ઠોઠ પણ રિસેસની એક વિશિષ્ટ હરિફાઈનો બેતાજ બાદશાહ . . . એ વટથી કે . . . મારા જેટલી કોઈની નો પુગે . . . અમને આશ્ચર્ય થાય કે આ મળું શુ હઈશે . . . રિસેસમાં તોફાની છોકરાવ નિહાળની પાછળની મુતરડીમાં પેશાબની શેડ કોની આઘી જાય એની હરીફાઈ કરતા, અને અમારા આ અશોક આંબાલાલ ભુત એના ચેમ્પિયન ! ફુલઝાર સોસાયટીમાં રહતા મોટા ખેડૂતમાંના એક ના પુત્ર ડાયા ગાંડા ઘેલાણી અમારા સહાધ્યાયી . . . બધા એને "તું એકલો જ કાં ડાયો" એમ કહીને ખીજવે . . .

અમે ધોરણ એકમાં હતા ત્યારથી જ પાંચમીમાં ભણતા સૌ અમને એક વાત કે . . . પાંચમીમાં વિજ્ઞાનનો છઠ્ઠો પાઠ હતો "પ્રજનન." પાંચમા ધોરણમાં ભણતા "સદનસીબ" છોકરાવ "બોવ કરતા બોવ" મજા આવે . . . આવું કહેતા હોય ત્યારે એમના ચહેરા પરના જે ભાવો હોય એ અમને એવા તો લલચાવે . . . પ્રજનન એટલે શું એની પાંચિયાની ય ખબર નહોતી છતાં અમે સૌ જલ્દી જલ્દી પાંચમા ધોરણમાં આવવા થનગનતા . . . ! એ વખતે ફિલ્મ જગતમાં ધર્મેન્દ્રનો ડંકો વાગે . . . અને આખા ગામમાં ધર્મેન્દ્ર એક અમારું જ નામ . . . ગામડાના છોકરાવને અમારું આવું સારું નામ ગમે નહીં, ઇર્ષ્યાના માર્યા એકલ દોકલ અમે હાથમાં આવી જઈએ તો થોડા માથાભારે છોકરા અમને ધોલ-ધપાટ પણ કરી લેતા . . . કાલે તારું નામ બદલી નાખજો . . . નકર ખબર સે ને . . . મારી શેરીએથી જ નીકળવાનું છ તારે . . . હમજી ગ્યો ? એકાદ બે નમૂના તો પાઠ્યપુસ્તકમાં હેમામાલિની અને ધર્મેન્દ્રના ફોટા એક બીજા ઉપર રાખીને અશ્લીલ ચેનચાળા ય કરે, નીચલા હોઠ અને જીભની મદદથી બીભત્સ અવાજો કાઢે . . અને અમે લાલઘુમ થઈ જઈએ એની મુંઝવણ પણ કેવી ? આવી ગંધારી વાતની ફરિયાદ પણ કેમ થાય. અમને પ્રતાડીત કરતા હોવાથી એ સમયે મને કાળ જેવા લાગતા એ મિત્રો આજે મળે છે ત્યારે એ બધુ યાદ કરીને અમે ખૂબ હસીએ છીએ.

હેન્ડબ્રેક:

બાળપણની સ્મૃતિઓ એવા સ્વપ્નાઓ છે જે
આંખ ખૂલ્યા બાદ પણ તમારી સાથે રહે છે.
- જુલિયન બાર્નિસ

djtrivedi@yahoo.com
Cell : 9978405967

# રત્નશાસ્ત્ર - એક અધ્યયન

## વાસ્તુ અને ફેંગશુઈ

હિતેશ પટેલ

ફેંગશુઇ ની વિવિધ વસ્તુઓ અને સ્રોતો વિષે ની સફળ વાંચન સીરીજ ની જાણકારી મેળવ્યા બાદ હવે બીજા અને મહત્વના ટોપિક પર પરિચય મેળવીશું જે રત્ન ના પરિચય પર આધારિત છે.હિંદુ સંસ્કૃતિ માં ભારતીય જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્ર એક મહત્વના અને ગુઢ વિષયો રહેલા છે,જે આપણા સંસ્કૃતિ ના મહાન ગર્વ સમાન છે.આપણી હિંદુ સંસ્કૃતિ ના શાસ્ત્રો ની જાણકારી મેળવવી એ એક આપણા માટે ગર્વ સમાન છે.એવીજ જાણકારી આપવાનો એક નિર્મળ પ્રયત્ન કરવામાં આવ્યો છે આ સીરીજ માં..જેમાં વિવિધ રત્નો અને ઉપરત્નો નો પ્રાથમિક પરિચય મેળવીશું.રત્નો ની ઉત્પતિ સંદર્ભે ઘણી વાતો શાસ્ત્રો માં જોવા મળે છે પરંતુ અહી આપણે તેને સાયન્ટીફીક રીતે સમજવાનો પ્રયાસ કરીશું.જેમાં ભારતીય જ્યોતિષ અને ખગોળ પણ ઉલ્લેખિત હશે.

-રત્નોની ઉત્પત્તિ સંદર્ભે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ-

રત્ન શાસ્ત્ર માં રત્નો એ ખનીજ છે અને તેનું અધ્યયન એક સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. રત્નોની ઉત્પત્તિ સંદર્ભે વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોણ થી બે પ્રકારે તેની ઉત્પત્તિ થયેલી જોવા મળે છે ,એક એવા પ્રકારના રત્નો છે કે જે ખનીજ પદાર્થ કહેવાય છે. જેમાં રત્નો ખાણમાંથી અને ખડકો માંથી પ્રાપ્ત થાય છે ,જેમ કે હીરો નીલમ પોખરાજ માણેક અને પન્ના તેમજ તેને લગતા ઉપરત્નો. જ્યારે બીજો પ્રકાર એ ખનીજ જૈવિક રત્નોનો છે. જેમાં પરવાળું, મોતી અને તેને લગતા

ઉપરત્નો સમાવેશ થાય છે. આ રત્નો સમુદ્રના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા જોવા મળે છે. સામુદ્રિક જીવો દ્વારા પરવાળું અને મોતીની રચના કરવામાં આવે છે. પૃથ્વી ના પેટાળ ની અંદર ચાલતી ભૂ-સંચાલન ક્રિયા દ્વારા અનેક રસાયણિક પ્રક્રિયાઓ થાય છે. અને જેને પરિણામ સ્વરૂપ લાંબા સમયે વિવિધ પ્રકારના ખડકોમાંથી અને ખાણોમાંથી ખનીજ પદાર્થ સ્વરૂપે આ રત્નોની પ્રાપ્તિ થાય છે. આ રત્નો પ્રમાણમાં ઠોસ મજબૂત હોય છે. વિવિધ રાસાયણિક બંધારણ થી બંધાયેલા હોય છે, જેમાં અનેક તત્વોનો સમાવેશ થાય છે.આ રત્નો સામાન્ય રૂપે કેલ્શિયમ,એલ્યુમિનિયમ, હાઈડ્રોજન, ફોસ્ફરસ, મેંગેનીઝ, પોટાશ પોટેશિયમ, કાર્બન, બેરિલિયમ વગેરે જેવા તત્વ ખનીજોથી બનતા હોય છે. અલગ- અલગ રત્નોમાં અલગ -અલગ રાસાયણિક દ્રવ્યો નું મિશ્રણ જોવા મળે છે. તેના કારણે આ રત્નોના રંગ આકાર કાર્ય કરવાની પધ્ધતિ કઠોરતા અલગ-અલગ હોય છે. પ્રાચીન શાસ્ત્રો મુજબ મુખ્ય નવ રત્નો છે અને તેના ૮૪ ઉપરત્નો નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. નવ રત્નોમાં માણેક સૂર્યનું રત્ન ,હીરો શુક્રનું રત્ન,પન્ના બુધ નું રત્ન,ગોમેદ રાહુનું રત્ન, નીલમ શનિ નું રત્ન,મોતી ચંદ્રનું રત્ન, ગુરુનું પોખરાજ રત્ન લસણીયુ કેતુનું રત્ન, પરવાળું મંગળ નું રત્ન સમાવેશિત છે. આ રત્નો સિવાય પણ અન્ય ઉપરત્ન હોય છે. જે ઘણી વાર દુર્લભ સ્થિતિમાં પ્રાપ્ત થાય છે. તેનો ઉપયોગ આભૂષણો બનાવવામાં પણ થાય છે. વિવિધ જ્વેલરીમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે તે રત્નો કરતા પ્રમાણમાં સસ્તા હોય છે. કેટલાક ઉપરત્નો જ્યોતિષમાં ખૂબ જ મહત્વ ધરાવે છે. પરંતુ કેટલાક ઉપરત્નો નું કોઈ જ્યોતિષમાં મહત્વ હોતું નથી. તે આભૂષણ અને જ્વેલરીમાં ઉપયોગમાં આવે છે.રત્નો કૃત્રિમ અને નેચરલ બંને રીતે હોય છે.કૃત્રિમ રત્નો માનવ દ્વારા બનાવામાં આવેછે જ્યારે કુદરતી રત્નો આપમેળે વર્ષો ની રસાયણિક પ્રક્રિયા બાદ બને છે. જે ઉપરત્નો અને રત્નો નું વૈજ્ઞાનિક રીતે જ્યોતિષમાં મહત્વ છે તેને અહીં દર્શાવવા માટેનો પ્રયત્ન કરવામાં આવેલો છે. નેક્સ્ટ અંક માં અનોખા પણ સુપ્રસિદ્ધ એવા સ્ફટિક ઉપરત્ન વિશે પરિચય મેળવીશું જે વાચક વર્ગ ને ગમશે..

-hits8483@gmail.com